Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol. 9, Issue: 122, May, 2023
Paper ID: RRJ169503
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-9-issue-122-may-2023/169503

# મહાદેવભાઈની ડાયરીઓના આધારે ગાંધીજી અને વલ્લભભાઇનું વ્યક્તિચિત્ર

રાજુકર્તા
ડૉ.વૈદેહી શ્રીમાળી

**પ્રસ્તાવના:-**

ગાંધીયુગીન સાહિત્યના સાહિત્યકારોમાં મહાદેવભાઈ દેસાઈનું નામ પ્રથમ હરોળમાં મૂકવું પડે. મહાદેવભાઈએ ગુજરાતી સાહિત્યમાં ઘણું લખ્યું છે પરંતુ સાહિત્યક્ષેત્રે તેમના પ્રદાનની નોંધ ડાયરીઓના સ્વરૂપે વિશેષરૂપે લેવાય છે. આમ તો મહાદેવભાઈની ડાયરી એટલે ગાંધીજીની દિનચર્યાનો હિસાબ. એ રીતે ડાયરીઓના આધારે ગાંધીજીના વ્યક્તિત્વને પણ રજૂ કરી શકાય. ગાંધીજી મહા માનવ હતા, મહાત્મા હતા. ભારતની સ્વાતંત્ર ચળવળના પ્રમુખ આગેવાન હતા. એટલે તેમના વ્યક્તિચિત્રને શબ્દો દ્વારા ઘણા લોકોએ શબ્દચિત્ર તૈયાર કરેલું છે. પરંતુ ગાંધીજી વિશેના મારા થોડા ઘણાં અભ્યાસને અંતે હું એવા નિષ્કર્ષ ઉપર પહોંચ્યો છું કે ગાંધીજીના વ્યક્તિત્વને યોગ્ય રીતે સમજવું હોય તો બે વસ્તુઓ વિશેષ ઉપયોગી છે. એક તો ગાંધીજીએ ખુદ લખેલી આત્મકથા "સત્યના પ્રયોગો" અને ગાંધીજીના પડછાયા સમાન મહાદેવભાઈ દેસાઈએ લખેલી "મહાદેવભાઈની ડાયરીઓ" પરંતુ આપણા સંશોધના પત્રની મર્યાદા ધ્યાનમાં લઇ હું અત્રે "મહાદેવભાઈની ડાયરીઓ" ના આધારે ગાંધીજી અને વલ્લભભાઈ પટેલના વ્યક્તિત્વને ઉપસાવવાનો પ્રયત્ન કરું છું.

*** ડાયરીમાં વ્યક્ત થતાં વ્યક્તિચિત્રો:-**

ગાંધીયુગીન વ્યક્તિઓના હૃદયસ્પર્શી વ્યક્તિચિત્રો એ તેમની ડાયરીની વિશિષ્ટતા છે. આત્મકથા કે જીવનચરિત્રની જેમ કેટલાંક ચરિત્ર ચિત્રણ પણ સહજ રીતે આલેખાતા જાય છે. વ્યક્તિચિત્ર એ શબ્દ દ્વારા આલેખાતું પરિચિત વ્યક્તિનું જીવનચિત્ર છે. એમાં સમગ્ર જીવનનું નહિ પણ જે તે વ્યક્તિના જીવન અને વ્યક્તિત્વના કેટલાંક અંશોનું ટૂંકું શબ્દચિત્રણ હોય છે. લેખકના હૃદયમાં જે તે વ્યક્તિની પડેલી છબી તેમાં ઉપસી આવે છે. "મહાદેવભાઈની ડાયરી" માં સંખ્યાબંધ મહાનુભાવોના વ્યક્તિચિત્રો મળે છે. જેમાં મહાત્મા ગાંધી, સરદાર વલ્લભભાઈ પટેલ, જવાહરલાલ નહેરુ, તિલક મહારાજ, મૌલાના આઝાદ, બડોદાદા, પુરુષોત્તમ સેવકરામ(બાપુજી) વિગેરેનો સમાવેશ થાય છે. પરંતુ સૌથી વિશેષ ગાંધીજીનું શબ્દચિત્ર જોવા મળે છે. કારણ કે ડાયરીના કેન્દ્રમાં "બાપુ" છે.

*** ગાંધીજીનું વ્યક્તિત્વ:-**

મહાદેવભાઈ ૧૯૧૭થી લઈને ૧૫ ઓગસ્ટ ૧૯૪૨ સુધી ગાંધીજીનો "પડછાયો" બનીને રહ્યા છે. એટલું જ નહિ પરંતુ ગાંધીજીના રોજના મહત્વના કાર્યની નોંધ પણ તેઓ સતત કરતાં રહ્યા. જેને આધારે ગાંધીજીનું વ્યક્તિત્વ ઉપસી આવે છે.

Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708

Vol. 9, Issue: 122, May, 2023
Paper ID: RRJ169503
https://www.researchreviewonline.com

Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-9-issue-122-may-2023/169503

ગાંધીજી સત્યાગ્રહી તરીકે અને રાષ્ટ્રનેતા તરીકે કેવા મહાન હતા, તેનું દર્શન ડાયરીમાં થાય છે. અહીં ગાંધીજીને ચરિત્રનાયક તરીકે ઉપસાવે એવા પ્રસંગો સુવ્યવસ્થિત રીતે મૂકાયા છે. "મહાદેવભાઈની ડાયરી" દ્વારા ગાંધીજીની અનેકવિધ પ્રવૃત્તિઓનો તથા એમના વ્યક્તિત્વનાં વિવિધ પાસાનો સવિશેષ ખ્યાલ આવે છે. ગાંધીજીના વ્યક્તિગત જીવન અને જાહેરજીવન ઉભયનો પરિચય અહીં મળી રહે છે. તેઓ સત્યને પરમેશ્વર માનીને ચાલતા. તેમના જીવનમાં અહિંસા, અસ્તેય, અભય, સ્વદેશી ભાવના, અપરિગ્રહ, સર્વધર્મ સમભાવ, વગેરે વ્રતોના પરિપાલનની પરિપાટી જોવા મળે છે. તેઓ બુદ્ધિ કરતાં સત્ય અને નીતિને વધુ મહત્ત્વ આપતા. તેમની ઈશ્વરશ્રદ્ધા અડગ હતી. એમના આ વિચારો પાછળ તેમનું વિશાલ તાત્વિક જ્ઞાન અને દર્શન હતા. તે આ ડાયરીઓમાં જોઈ શકાય છે. ગાંધીજી દેશના સર્વોચ્ચ નેતા હતા, પણ તેઓ માનતા કે રાજકારણ એ તેમનું કાર્યક્ષેત્ર નથી. સત્યદર્શન દ્વારા ઈશ્વરના સાક્ષાત્કાર માટે તેઓ જીવી રહ્યા છે.ડાયરીનો મોટો ભાગ ગાંધીજીની વૃત્તિ-પ્રવૃત્તિ, નીતિ-રીતિ, ચિંતન-મનન, જીવન વ્યવહાર એ જીવનદર્શનથી ભરેલો છે. ડાયરીમાં સમાવિષ્ટ ચર્ચાઓ અને પત્રોમાં પણ ગાંધીજીનો અક્ષરદેહ સુંદર રીતે પ્રગટ થયો છે.

ગાંધીજીની વેધક નજર જે તે ક્ષણની, જે તે વસ્તુની સ્થતિ-ગતિની ઝીણી નોંધ લીધા વિના રહેતી નથી. આ માટે તેઓ કહે છે: ખરી ગુફા હૃદયમાં છે, ને સ્મશાન પણ ત્યાં જ છે. આપણે એ ગુફામાં રહી વિકારો માત્રની રાખ કરીએ છીએ ત્યારે ખરો સંન્યાસ કહેવાય છે. અસ્પૃશ્યતા નિવારણ માટે ગાંધીજીએ પોતાની જાતને હોડમાં મૂકી. જે લડત ચલાવી હતી તેમાં તેમનું સત્તાગ્રહી વીર નાયક તરીકેનું વ્યક્તિત્વ પ્રગટ થાય છે. તેઓ માનતા કે અસ્પૃશ્યતા નિવારણથી હિન્દુસમાજમાં નવું ચેતન આવે. પરંતુ તેમનાથી વિરુદ્ધ ડૉ. આંબેડકર હરિજનો માટે અલગ મત વિભાગની માગણી કરતાં હતા. સરકાર પણ આંબેડકરની સાથે હતી. આવી પરિસ્થિતિમાં ગાંધીજીએ આત્મશુદ્ધિના એકવીસ ઉપવાસ આદર્યા હતા, અને કહ્યું હતું કે, મારે ક્યાં લગી જીવવાનું છે. એ સત્ય અહિંસાની તરફદારી કરી.આમ, ગાંધીજીએ સતત સત્ય અને અહિંસાને કારણે જે સહન કર્યું તેની ગાથા આ ડાયરીમાં છે.

ગાંધીજીના એકાદશવ્રતોમાં – સત્ય, અહિંસા, બ્રહ્મચર્ય, અસ્વાદ, અસ્તેય, અપરિગ્રહ, અભય, સ્પર્શભાવના (અસ્પૃશ્યતા નિવારણ), શરીરશ્રમ, સર્વધર્મ સમભાવ અને સ્વદેશીમાં મહાદેવભાઈએ જે નિષ્ઠા અને ઊંડાણથી ગાંધીજીની વ્રતવિચારણાને સ્વીકારી અને જે રીતે તેમણે ગાંધીજીના રચનાત્મક કાર્યક્રમો અપનાવીને તેનું સંચાલન કર્યું.તેમાં પણ તેમના અધ્યાત્મજીવનના પોત અને પ્રતિભા પ્રગટ થયેલા જોઈ શકાય છે.

"મહાદેવભાઈની ડાયરી"માંથી સત્યનો મહિમા કરતાં ગાંધીજીના વિશેષ વિચારો મળે છે. જેમકે, "જે કળા આપણને આત્મદર્શન કરતાં ન શીખવે તે કળા જ નહિ..." હું સત્યમાં અથવા સત્ય વડે સૌન્દર્ય જોઉં છું. સત્યમાં સૌન્દર્ય જોતો થયો એટલે માણસ કળા જોતો થયો, કળારસિક થયો એમ સમજવું."[૧]

**સત્યની વ્યાખ્યા તો સહુના હૃદયમાં રહેલી છે. " તું જેને અત્યારે સારું માને છે સત્ય અને તે જ તારો પરમેશ્વર.."[૨]**

"મારામાં કોઈ વિશેષ હોય તો તે સત્ય અને અહિંસાનો પ્રેમ છે"[3] આમ "મહાદેવભાઈની ડાયરી" ગાંધીજીની સત્ય અને અહિંસાની ગાથા બની રહે છે .

ખેડા સત્યાગ્રહમાં ગાંધીજી સરકારની વિરુદ્ધમાં છે. મજૂર લડતમાં તેઓ મિલમાલિકો સામે છે .આમ છતાં વિરોધીઓ પ્રત્યે તેમને દ્વેષ નથી. મિલમાલિકો અને મજૂરો બંનેને ગાંધીજી ઉપર પ્રેમ અને વિશ્વાસ છે પરંતુ સાચી પરિસ્થિતિનું ભાન થતાં સરકાર ઝૂકતી નથી, એમાં ગાંધીજીના સત્યાગ્રહનો વિજય થાય છે. અહિંસાવાદી ગાંધીજી વિવાદનો ભોગ બનીને પણ અંગ્રેજ સરકારને મદદ કરે છે. એથી દેશને સ્વરાજ્ય વહેલું મળશે એમ તેઓ માને છે. એમાં ગાંધીજીની સરળતા દેખાઈ આવે છે. ઈ.સ. ૧૯૨૦-૨૧ દરમ્યાન ગાંધીજીએ દેશના અને કોંગ્રેસના નેતા તરીકે અંગ્રેજ સરકાર સામે સત્યાગ્રહ અને અસહકારની જે લડત શરૂ કરી, એ વિશ્વના ઇતિહાસમાં એક નવી જ પદ્ધતિની લડત હતી. ગાંધીજીએ સત્ય અને અહિંસા દ્વારા સરકારના કાળા કાયદાનો વિરોધ કર્યો. દુનિયાને સત્યાગ્રહનું નવું શાસ્ત્ર આપ્યું. અને દેશને જગાડવા માટે પ્રયત્નો કર્યા. આઝાદીની ચળવળના ઇતિહાસમાં એ સમયે જાગૃતિ અને ઉત્સાહનો હતો. આમ તો ગાંધીજી શાંત અને સૌમ્ય હતા, પણ રોલેટ એક્ટ અને જલિયાવાલા બાગના હત્યાકાંડને કારણે ઉગ્ર બની ગયા હતા. તેમણે અંગ્રેજ સરકારને "શૈતાની" સરકાર તરીકે ઓળખાવી, અને જેના સામ્રાજ્યનો કદી સૂર્ય આથમતો ન હતો એ બ્રિટીશ સલ્તનતને હચમચાવી નાખી. "આ સરકાર અમારે ન જોઈએ." એવો નાદ દેશમાં ગુંજતો કર્યો. આ ઘટનાથી ગાંધીજી દેશના મહાન નેતા તરીકે પ્રગટ થયા. પંજાબના અત્યાચારો અને ખિલાફતની બાબતમાં મુસલમાનોને થયેલા અન્યાય એ બે ના વિરોધમાં ગાંધીજીએ જે અસહકારની લડત આપી. તેને કારણે ગાંધીજી લોકમાન્ય તિલક જેવા લોક્નેતાનું સ્થાન પામ્યા હતા રાજકારણમાં સત્ય અને અહિંસાના મૂલ્યોનો પુરસ્કાર કરનારા ગાંધીજીનું ચરિત્ર વર્ણન મહાદેવભાઈએ મનહર શૈલીમાં આપ્યું છે.

તા.૧-૪-૧૯૨૦ ના રોજ લોકમાન્ય તિલકનું અવસાન થતાં, એમના સ્મારક માટે ગાંધીજીએ દેશમાં ફરીને સવા કરોડનો ફાળો એકઠો કર્યો. સાથે સાથે પરદેશી કાપડની હોળીઓ કરી. ત્યારબાદ વીસ લાખ રેંટીયો ચાલુ કર્યા, રાષ્ટ્રીય શાળાઓ, મહાવિદ્યાલયો અને ખાદીભંડારો પણ શરૂ કર્યા. ગાંધીજીએ હાકલ કરી કે આપણે ધારાસભાઓ, અદાલતો, સરકારીખિતાબો, શાળા-કોલેજો અને પરદેશી કાપડનો બહિષ્કાર કરીશું, તો એક વર્ષમાં સ્વરાજ્ય મળશે. અને એમણે એ લડત ચલાવી, તેમજ પ્રજામાં નૈતિક બળ ઊભું કર્યું. આખા દેશમાં આત્મશુદ્ધિ, સ્વદેશીભાવના, નિર્ભયતા, ત્યાગવૃત્તિ અને સ્વરાજ માટેની ઝંખના જગાવ્યા. ગાંધીજીએ પરજા, કાર્યકર્તાઓ અને નેતાઓનું પણ ઘડતર કર્યું. ગાંધીજીની આગેવાની નીચે જ જવાહરલાલ, સરદાર વલ્લભભાઈ, રાજાજી, મૌલાના અબ્દુલ કલામ આઝાદ, રાજેન્દ્ર બાબુ વગેરે નેતાઓ ઘડાયા અને દેશમાં ભાવાત્મક એકતા ઊભી થઇ. દેશ્બંધુના અવસાન બાદ ગાંધીજીએ દેશ્બંધુનું કાર્ય ઉપાડી લેવા કટીબદ્ધ બને છે, અને તેમના પ્રત્યેના આદરનો અપૂર્વ પ્રતિસાદ આપે છે. દેશબંધુ આમ તો તેમનાથી વિરુદ્ધ એવા સ્વરાજ્યપક્ષના હતા, પરંતુ પછી તમની નિકટ આવે

Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708

Vol. 9, Issue: 122, May, 2023
Paper ID: RRJ169503
https://www.researchreviewonline.com

Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-9-issue-122-may-2023/169503

છે. અને તેમના મૃત્યુનો ઊંડો આઘાત અનુભવે છે. એમાં ગાંધીજીની ઉદારતા અને ઉદાત્તતા વ્યક્ત થાય છે. કચ્છના દુઃખદ પ્રસંગો ગાંધીજીની સ્થિતપ્રજ્ઞતા માન ઉપજાવે એવી છે. ગાંધીજીને સ્વરાજપક્ષના લોકો સામે નમતું મૂકવું પડે છે. તેઓ જ્યારે પ્રમુખપદ સરોજિની દેવીને સોંપે છે, ત્યારે નથી અનુભવતા હર્ષ કે નથી પામતા દુઃખ. ગાંધીજી વિષમ પરિબળો વચ્ચે પોતાના આત્મસિદ્ધાંતને લઈને ઝઝૂમતા સ્થિતપ્રજ્ઞ જેવા દેખાય છે.

ગાંધીજીની યાત્રા, માદંગી, પ્રવચનો પત્રો અને પ્રસંગોની કામગીરી દ્વારા એમના મહાત્મા તરીકેના ચરિત્રને પુષ્ટ કરવામાં આવ્યું છે. એમનું ગાંભીર્ય અને ગૌરવ સામાજિકતા, દેશની પ્રજા અંગેની નિસ્બત દાદ માગી લે એવા છે. તેઓના દેશના વિવિધ પરિબળો વચ્ચે આગેવાનોની અથડામણમાં અથડાતા-કૂટાતા, તેમ છતાં તે બધાની ઉપર ઉઠતા મહા માનવ તરીકે પ્રત્યક્ષ થાય છે. દેશમાં તે એક એવા નેતા હતા કે જે હિન્દુસ્તાનના પ્રાણ પ્રશ્નોને હલ કરી શકે તેવા હતા. તેમની માંદગીના પ્રસંગોમાં તે ડાહ્યા દર્દી બની જાય છે. અને ડોક્ટરો તથા અન્ય વ્યક્તિઓ સાથે વિનોદ કરે છે. તેમનું હૃદય ક્યારેક વજ્ર જેવું કઠોર બની જાય છે તો ક્યારેક ફૂલ જેવું કોમલ. પોતાના ઉપર ખફા થયેલા મહાકવિ ન્હાનાલાલની ક્ષમા યાચે છે. તેઓ મહાદેવભાઈ ઉપર દાતણ કરતી વખતે નળ ખુલ્લો રાખવા બાબત ગુસ્સે થઇ જાય છે, તો મહાદેવભાઈની પોતાના તરફની ભક્તિની તેઓ સાચા દિલથી પ્રશંસા પણ કરે છે.

ગાંધીજીએ આશ્રમને અને પોતાની જાતને હોડમાં મૂકીને મીઠાના કાયદાનો વિરોધ કરવા માટે ગાંધી આશ્રમથી દાંડીકૂચ આરંભી હતી. એમના એ મહાભિનિષ્ક્રમણમાં એમની ઉદાત્તતા પ્રગટ થાય છે. દાંડીકૂચના પ્રયાણ વખતે એમણે કરેલું સંબોધન ભવ્ય છે. એમના આ સત્યાગ્રહથી સરકાર હચમચી ઊઠે છે, અને આખો દેહ જાગી ઊઠે છે. આ ઘટનાથી ગાંધીજીના મહાન દેશભક્ત અને નેતા તરીકે પ્રગટ થાય છે.કોંગ્રેસના પ્રમુખપદનો ઇનકાર કરવામાં પણ તેમની ઉદાત્તતા વ્યક્ત થાય છે. તેઓ પોતાને તે માટે બિનલાયક ગણે છે અને જવાહરલાલને આગળ ધરે છે. પ્રમખ પદ વિના પણ તેઓ દેશનું નેતૃત્વ કરી શકે એવું સબળ તેમનું વ્યક્તિત્વ અહીં પ્રગટ થયું છે.

લેખકે ગાંધીજીના ચરિત્રને "ઉદાત્ત માનવ" તરીકે આલેખ્યું છે, તે તેમને હૈયે દેશનું હિત કેવું વસેલું હતું તે દર્શાવ્યું છે. ગાંધીજીએ ઈરવીન કરારમાં સમાધાનને સ્વીકારી, પણ સરદાર અને નહેરુને તે અભિપ્રેત ન હતી. વળી, અંગ્રેજ સરકાર સમાધાનની શરતો મુજબ વર્તતી ન હતી. અંગ્રેજ સરકારના પ્રતિનિધિઓ તેમને ગોળમેજી પરિષદમાં જવા માટેના માર્ગમાં અંતરાયરૂપ બનતા હતા. હિંદની કોમી પરિસ્થિતિ પણ ગાંધીજીને પીડતી હતી. આવી વિષમ પરિસ્થિતિમાં ગાંધીજીએ જે મનોમંથનો અનુભવ્યા છે. તેનું ચિત્ર મહાદેવભાઈએ હૃદયંગમ રીતે આપ્યું છે. ગાંધીજીએ ભારે હિમ્મતપૂર્વક અને જવાબદારીના ભાન સાથે બ્રિટીશ સરકારને સ્પષ્ટ કહી દીધું કે, અમને પૂર્ણ સ્વરાજથી કશું જ ઓછું ખપતું નથી. આ ઘટનામાં ગાંધીજીનું ઉદાત્ત અને મહાન વ્યક્તિત્વ જણાઈ

આવે છે. ગાંધીજી શરીર સ્વાસ્થ્યની ખૂબ કાળજી રાખે છે. ભગવતગીતામાં ખૂબ શ્રદ્ધા છે અને સંગીતમાં પણ રસ છે. તે માને છે કે "સંગીતશૂન્ય તેટલે અંશે પશુસમાન ગણાએ."[૪]

***વલ્લભભાઈ પટેલનું વ્યક્તિચિત્ર:-**

મહાદેવભાઈની ડાયરીઓમાં સરદાર વલ્લભભાઈનું વ્યક્તિચિત્ર પણ સુંદર ઉઠાવ પામ્યું છે. તેમને બાહોશ નેતા અને વિચક્ષણ મુત્સદ્દી તરીકે આખો દેશ ઓળખે છે. બહારથી કડક દેખાતા સરદાર અંદરથી લાગણીશીલ તથા ભાવનાશીલ હતા. તેમણે ગાંધીજીના ચરણે માથું મૂક્યું હતું. એટલે તેઓ કહે તે કરતાં.

વલ્લભભાઈ આખાબોલા હતા. અસલ પાટીદાર જુબાન. એક ઘા ને બે કટકા એવી ભાષા, સ્પષ્ટ વક્તા, વિરોધીઓને તો સીધો ઘા કરે, તેવી તેમની જીભ હતી. એમના આ બધા ચરિત્રગુણો ડાયરીમાં પ્રસંગ, ઉક્તિ અને સંવાદ દ્વારા વ્યક્ત થાય છે. સરદારને ઓપરેશન માટે મુંબઈ લઇ ગયા અને ઓપરેશન કર્યા વગર ત્યાંથી સીધા નાસિક લઇ ગયા હતા. એ રીતે વલ્લભભાઈને ગાંધીજીથી વિખૂટા પાડ્યા હતા. તેથી ગાંધીજીને ખૂબ સાલતું હતું. અને તેમણે કહ્યું કે આ ઘા ઝટ રૂઝાય એમ નથી. આવા પ્રસંગો દ્વારા મહાદેવભાઈએ ગાંધીજી અને સરદાર વલ્લભભાઈના આત્મીય સંબંધનું નિરૂપણ કર્યું છે. વલ્લભભાઈ ગાંધીજીને જરૂર પડ્યે કંઇક કહી શકતા હતા. જેમકે, સાબરમતી તડા પડ્યા હતા, અને કેટલાંક દૂષણો પેદા થયા હતા ત્યારે સરદારે ગાંધીજીને કહ્યું હતું કે આશ્રમ બહુ મોટો થઇ ગયો છે, એમાં કેટલાંક નાહકના આવી પડેલા છે. એવાને કાઢી નાખો. ચાળણીમાં ચલામણ ફરી ફરી નંખાયા કીધું છે. એટલે એકવાર ચાળી કાઢો. સરદારની આ વાત ગાંધીજીએ સ્વીકારીને તા.૧-૮-૧૯૩૩ના રોજ આશ્રમનું વિસર્જન કર્યું. સરદાર વલ્લભભાઈના વ્યક્તિત્વનાં આવા પ્રભાવક પાસાંનું આ ડાયરીમાં દર્શન થાય છે.

સરદાર વલ્લભભાઈ બારડોલી સત્યાગ્રહના અગ્રણી નેતા છે. તેમજ કાઠિયાવાડ પરિષદમાં પણ વલ્લભભાઈ અગ્રગણ્ય વ્યક્તિ છે.વલ્લભભાઈનું સરદારપણું , એમનું વીર વ્યક્તિત્વ અને દૂરદેશીપણું અહીં દરેક જગ્યાએ દેખાઈ આવે છે. તેઓ ગાંધીજીના સિદ્ધાંતોને વરેલા છે, અને વ્યવહારદક્ષ છે. તેમનામાં જોમ અને જુસ્સો છે, જે સાથીઓ અને પ્રજાને અભિભૂત કરે છે. મદ્રાસ અને બિહારના સહવાસમાં સરદારે જે વિષમયાત્રા કરી અને ગાંધીજીના સિદ્ધાંતોને પોતાની રીતે સમજાવી લોકોનો પ્રેમાદર મેળવ્યો. તેથી સરદારનું વ્યક્તિત્વ રાષ્ટ્રીય નેતા તરીકે બહાર આવે છે. દાંડીકૂચ પહેલાં તેમની ધરપકડ થાય છે. અને તેમને જેલ મળે છે. તે પ્રસંગે પણ તેમની દેશભક્તિ પ્રગટ થાય છે

વલ્લભભાઈને ઈરવીન કરાર ગમ્યા નહોતા, પણ તેમણે ગાંધીજીના સિપાઈ તરીકે તે સ્વીકારી લીધી હતી. પણ અર્થઘટન અને અમલ અંગે અખાડા કરવા માંડ્યા, ત્યારે સરદારે ગાંધીજીને કહ્યું કે 'હું તમને કહેતો હતો કે આ લોકો ચોર છે.' ગાંધીજી ખેડૂતોને પરાણે મહેસૂલ ભરવાનું કહેતા રહેતા ને સરકાર સમાધાન પ્રમાણે વર્તતી ન હતી, ત્યારે પણ સરદારે ગાંધીજીને આકરા શબ્દોમાં કહ્યું હતું કે તમો ખેડૂતોનું માનતા નથી. સમાધાન સ્વીકારવા

Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708

Vol. 9, Issue: 122, May, 2023
Paper ID: RRJ169503
https://www.researchreviewonline.com

Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-9-issue-122-may-2023/169503

બાબતે એ બે વચ્ચે વારંવાર વિવાદ થતો અને પછી પણ એ અંગે ચડભડ ચાલતી. સંધિ સ્વીકાર્યા પછી ગાંધીજીની જે સ્થિતિ થઇ તેથી અકળાઈને સરદારે એક સરકારી અમલદારને સંભળાવ્યું હતું કે ‘તમે યુદ્ધવિરામ કરીને ગાંધીજીને ફસાવ્યા છે. તમારે કશું સીધું કરવું નથી અને હવે એમનો બધો સમય સમાધાનીમાં જાય છે. કોઈ બૈરી હોત તો ચૂડો ફોડીને ઊભી રહી હોત.’ આવા તીખા વ્યંગ તેઓ કરે છે.

બોરસદ સત્યાગ્રહના પ્રસંગમાં તેઓ વીરપુરુષ તરીકે પ્રગટ થાય છે.તેમણે બોરસદમાં હૈડિયા વેરાના સત્યાગ્રહની નેતાગીરી લઈને સરકાર સામે તહોમતનામું પોકાર્યું કે સરકાર બહારવટિયાઓ સાથે ભળી ગઈ છે. એમણે અડગતાથી બોરસદ સત્યાગ્રહને વિજય અપાવ્યો હતો.ગાંધીજીએ આ પ્રસંગે તેમને ‘બોરસદના રાજા તરીકે બિરદાવ્યા છે.

આમ, **“મહાદેવભાઈની ડાયરી”**માં લોખંડી પુરુષ સરદારનું પ્રભાવક વ્યક્તિચિત્ર પ્રગટ થાય છે.

*** મૂલ્યાંકન:-**

મહાદેવભાઈના વિચારોને આધારે માહાત્મા ગાંધીજીનું ચિત્ર રજૂ કર્યું. આવા યુગોમાં થતાં મહાપુરુષો હોય છે. મારી દ્રષ્ટિએ ગાંધી ત્યારે, આજે અને આવતીકાલે એટલા જ પ્રસ્તુત છે. થોડા સમય પહેલાં જ સંયુક્ત રાષ્ટ્રસંઘે **(U.N)** પણ એવી રજૂઆત કરી હતી કે જો વિશ્વમાં શાંતિ અને ભાઈચારાની ભાવનાને સ્થાપિત કરવી હશે તો ગાંધી વિચાર સિવાય શક્ય નથી. આજે વિશ્વ ભૌતિકતાના ભરડામાં ખોવાયેલું જોવા મળે છે. હિંસાનો ધર્મના નામે અતિરેક થઇ રહ્યો છે. વિશ્વનો એક મોટો વર્ગ બે રોટલી માટે તરસે છે ત્યારે બહુ જ સ્વાભાવિક રીતે વિચાર કેટલો સાંપ્રત અને સંપૂર્ણ છે તે દેખાઈ આવે છે.

મને તો આશ્ચર્ય એ વાતનું થાય છે કે જ્યારે વિશ્વમાં અણુબોમ્બની બોલબાલા હતી અને અમેરિકાએ ૬ અને ૯ ઓગસ્ટ ૧૯૪૫ ના રોજ જાપાનના હિરોશીમાં અને નાગાશાકી ઉપર અણું પ્રયોગ કરી ચૂક્યો હતો, ત્યારે હિન્દુસ્તાનનો શરીર પર એકમાત્ર કપડું પહેરેલો, સુકલકડી માણસ અહિંસા, સત્ય, વિનયપૂર્વક સરકારનો વિરોધ, રેંટીયો અને ખાદી પ્રયોગ, ભારતીય સમાજ વ્યવસ્થાના નવા સમીકરણો વગેરે વિચારો વિશ્વ સમક્ષ મૂકે છે. એટલું જ નહિ પરંતુ આ વધુ પડતા આદર્શવાદી લાગતા વિચારને ભારતીય સમાજ સ્વીકારે પણ છે. બીજું આશ્ચર્ય એ છે કે વિશ્વની બધી જ ક્રાંતિઓ શસ્ત્ર સાધનથી થઇ. જ્યારે વિશ્વની સૌથી શક્તિશાળી મહાસત્તા એવી બ્રિટીશ હુકૂમતની સામે શસ્ત્ર વગર ભારતના સ્વાતંત્ર સંગ્રામને સફળ બનાવ્યો.

ગાંધી અને સરદાર એક સિક્કાની બે બાજુ છે. ગાંધી વિચાર છે તો સરદાર કર્મ છે. ગાંધી કૃષ્ણ છે તો સરદાર અર્જુન છે. સમગ્ર સ્વાતંત્ર્યની લડતને સૂક્ષ્મ અભ્યાસ કરીએ તો સરદારની બહુ મોટી ભૂમિકા ઊભી થાય છે. મહાત્માના મૃત્યુ (ખૂન) સમયેનું સરદારનું નિવેદન સત્ય તો હતું પણ દાવાનળને રોકવાનું ત્વરિત પગલું પણ હતું. વિશેષ તો દેશી રાજ્યોના નવિનીકરણમાં તેમની ભૂમિકા, તેમના વ્યક્તિત્વનું વિશિષ્ટ પાસું હતું.

- પાદટીપ

1. મહાદેવભાઈની ડાયરી-પુસ્તક છઠ્ઠું, પૃ.૨૪૫
2. મહાદેવભાઈની ડાયરી-પુસ્તક પહેલું, પૃ.૩૨૨
3. મહાદેવભાઈની ડાયરી-પુસ્તક અઢારમું, પૃ.૧૬૨
4. મહાદેવભાઈની ડાયરી-પુસ્તક નવમું, પૃ.૯૯